


# F-1 વિઝાના સવાલો

## અમેરિકા વિઝા ગાઈડ

★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

એક સમય એવો હતો જ્યારે ભારતીયો ઉચ્ચ અભ્યાસ માટે, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા, ઈંગ્લૅન્ડમાં આવેલ 'ઑક્સફર્ડ' અને 'કેમ્બ્રિજ'ની યુનિવર્સિટીઓમાં જતા હતા. મોટા ભાગના આપણી સ્વતંત્રતાની ચળવળના લડવૈયાઓએ ઉચ્ચ શિક્ષણ ઈંગ્લૅન્ડમાં જ લીધું છે.

પણ હવે સમય બદલાયો છે. ઈંગ્લેન્ડની યુનિવર્સિટીઓની જગ્યા અમેરિકાની 'હાવર્ડ'અને 'સ્ટેનફર્ડે' લીધી છે. ભારતીય વિદ્યાર્થીઓ હવે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા અમેરિકાની યુનિવર્સિટી પ્રત્યે એમની દૃષ્ટિ ઠેરવે છે.

અમેરિકામાં આવેલ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરવા જવું હોય તો એ માટે અમેરિકાની સરકારે એમના 'ધ ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ'ની કલમ 101(A)(15)(F) હેઠળ ઘડેલા નોન-ઈમિગ્રન્ટ શ્રેણીના સ્ટુડન્ટ વિઝા, જેની સંજ્ઞા 'F-1' છે એ મેળવવાના રહે છે. સ્ટુડન્ટ વિઝાની અરજી કરતી વેળાએ અરજદાર વિદ્યાર્થીએ દેખાડી આપવાનું રહે છે કે એને અમેરિકાની સરકારે માન્ય કરેલ શૈક્ષણિક સંસ્થાએ એમને ત્યાં ફોર્મ 'I-20' પાઠવીને પ્રવેશ આપ્યો છે.

અમેરિકાની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે અને એ સંસ્થાનું ફોર્મ I-20 મેળવવા માટે પરદેશી વિદ્યાર્થીએ એને જે વિષયમાં અભ્યાસ કરવો હોય એ વિષયનું શિક્ષણ આપતી, જુદા જુદા સ્ટેટમાં આવેલ 7 થી 10 યુનિવર્સિટીઓ પસંદ કરવી જોઈએ.

યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ એને અંગ્રેજી ભાષા આવડે છે એ દર્શાવવા માટે 'TOEFL' યા 'IELTS'ની પરીક્ષા આપવી જોઈએ. એમાં ઉત્તીર્ણ થતાં એણે જે પ્રકારનું શિક્ષણ મેળવવું હોય એના માટે જરૂરી ''SAT', 'GMAT' યા 'GRE'ની પરીક્ષા આપવી જોઈએ. એ યુનિવર્સિટીમાં જ એ શા માટે ભણવાની ઈચ્છા ધરાવે છે? એણે જે વિષયમાં ભણવું હોય એ વિષય એણે શા માટે પસંદ કર્યો છે? એ વિષયમાં શિક્ષણ પ્રાપ્ત કરતાં ભવિષ્યમાં એને એના દેશમાં તેમ જ વિશ્વમાં અન્ય કશે કેટલો ફાયદો થશે? આ સર્વે જણાવવાનું રહે છે. અત્યાર સુધી એણે શું કર્યું તેમ જ એના ભવિષ્યનાં સ્વપ્નાંઓ એક સ્ટેટમેન્ટ ઓફ પર્પઝમાં લખીને જણાવવું જોઈએ.

યુનિવર્સિટીની ટ્યુશન ફી અને અમેરિકામાં રહેવા, ખાવા-પીવા અને અન્ય ખર્ચો કોણ આપશે એ પણ દેખાડી આપવું જોઈએ. યુનિવર્સિટી જો એને પ્રવેશ આપે તો ફોર્મ I-20 મોકલાવશે.

વિદ્યાર્થીએ પ્રવેશ મળે એ માટે થોડા રેક્મેન્ડેશન લેટરો, એમની ત્યાં સુધીના અભ્યાસની સિદ્ધિઓ, પ્રમાણપત્રો ચંદ્રકો, સર્ટિફિકેટો પણ પ્રવેશ મેળવવાની અરજી જોડે મોકલવાના રહે છે. પ્રવેશ મળે, યુનિવર્સિટી ફોર્મ I-20 મોકલાવે પછી પોતાના દેશમાં આવેલ અમેરિકન કોન્સ્યુલેટમાં ઓનલાઈન ફોર્મ DS-160 ભરીને, સેવિસ ફી આપીને, વિઝા પ્રોસેસિંગ ફી ભરીને, બાયો-મેટ્રિક્સ તેમ જ ઈન્ટરવ્યૂનો સમય મેળવવાનો રહે છે. ઈન્ટરવ્યૂમાં કોન્સ્યુલર ઓફિસરને ખાતરી કરાવી આપવી પડે છે કે એનો ઈરાદો અમેરિકામાં ખરેખર ભણવા જવાનો જ છે. એને અંગ્રેજી ભાષા આવડે છે. જરૂરી એવી 'SAT', 'GMAT'કે 'GRE'ની પરીક્ષા આપી છે. પૈસાનો પૂરેપૂરો બંદોબસ્ત છે. અમેરિકામાં ભણતાં ભણતાં એ કામ કરવા નથી ઈચ્છતો અને ભણી રહ્યા બાદ એ સ્વદેશ પાછો આવી જશે.

'F-1' વિઝાના ઈન્ટરવ્યૂમાં પરદેશી વિદ્યાર્થીઓને સામાન્ય રીતે નીચેના અથવા એના જેવા પ્રશ્નો પૂછવામાં આવે છે... તમે અમેરિકા શા માટે જવા ઈચ્છો છો? કેટલી યુનિવર્સિટીમાં અરજી કરી છે? કેટલીએ પ્રવેશ આપ્યો છે? કેટલીએ રિજેક્ટ કર્યા છે? 'TOEFL' યા 'IELTS'નો સ્કોર શું છે? 'SAT', 'GMAT' યા 'GRE'ના માર્ક્સ કેટલા છે? ભણવાનો ખર્ચો કેટલો આવશે? એ કોણ આપશે? એ વ્યક્તિ શું કરે છે? ટેક્સ રિટર્ન્સ દેખાડો. જો ખર્ચો તમારા માતા-પિતા સિવાય અન્ય કોઈ કરવાનું હોય તો તેઓ શા માટે તમારા માટે આટલો મોટો ખર્ચો કરે છે એનાં કારણો જણાવો. ભણી રહ્યા પછી તમે શું કરવા માગો છો? શનિ-રવિની રજામાં, વેકેશનમાં શું કરશો? અમેરિકામાં ક્યાં રહેશો? ત્યાં તમારું કોઈ સગું-વહાલું રહે છે? તેઓ ત્યાં શું કરે છે? તમે આ જ યુનિવર્સિટીમાં ભણવા જવાનું શા માટે વિચાર્યું છે? આ યુનિવર્સિટી વિશે તમે શું જાણો છો? તમારા પ્રોફેસરનાં નામો ખબર છે? જે યુનિવર્સિટીમાં ભણવા જવા ઈચ્છો છો એની વિશેષતા શું છે? એના કેમ્પસ વિશે થોડીક જાણકારી આપો. આ યુનિવર્સિટી વિશે જાણકારી કેવી રીતે પ્રાપ્ત થઈ? તમારા લાભ માટે કોઈએ ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કર્યું છે? આ પહેલાં તમે અમેરિકાના કોઈ પણ પ્રકારના વિઝાની અરજી કરી હતી? કેનેડાના PR માટે અરજી કરી હતી? અમેરિકા સિવાય બીજા કોઈ દેશમાં ભણવા જવા માટે પ્રયત્નો કર્યા હતા? તમે કેટલાં ભાઈ-બહેનો છો? તેઓ શું કરે છે? તમારો અભ્યાસ પૂરો થતાં તમે તમારા દેશમાં પાછા આવશો એની ખાતરી શું? આ ઉપરાંત ઈન્ટરવ્યૂમાં તમને જાતે જોતાં, તમારો પહેરવેશ નીરખતાં, તમે એમના સવાલોના જે રીતે જવાબો આપો છો એ સાંભળતાં કોન્સ્યુલર ઓફિસરો તમને બીજા અંગત સવાલો પણ પૂછી શકે છે. સ્ટુડન્ટ વિઝા વિદ્યાર્થીનું ભવિષ્ય ઘડે છે. એ મેળવવા જતાં પહેલાં જો અમેરિકાના ઈમિગ્રેશનના કાયદાના જાણકાર અને અનુભવી એડ્વોકેટનું માર્ગદર્શન મેળવશો તો વિઝા મેળવવામાં મુશ્કેલી નહીં નડે અને ભવિષ્ય ઉજ્જવળ બનશે.

**ઈન્ટરવ્યૂમાં કોન્સ્યુલર ઓફિસરને ખાતરી કરાવી આપવી પડે છે કે એનો ઈરાદો અમેરિકામાં ખરેખર ભણવા જવાનો જ છે. એને અંગ્રેજી ભાષા આવડે છે. જરૂરી એવી 'SAT', 'GMAT 'કે 'GRE'ની પરીક્ષા આપી છે. પૈસાનો પૂરેપૂરો બંદોબસ્ત છે. અમેરિકામાં ભણતાં ભણતાં એ કામ કરવા નથી ઈચ્છતો અને ભણી રહ્યા બાદ એ સ્વદેશ પાછો આવી જશે**

# 'સુંદરતાએ બગાડી દીધી જિંદગી', ઈન્ટરનેટ પર મચાવે છે ધૂમ, પણ સમાજમાં નથી કરતું કોઈ સ્વીકાર

સામાન્ય રીતે તો દરેક લોકો ઈચ્છે છે કે તે ખૂબ જ સુંદર દેખાય. જોકે, એવું પણ ઘણીવાર થાય છે કે આ સુંદરતા કોઈના માટે વરદાન તો કોઈના માટે શાપ બની જાય છે. 55 વર્ષની મહિલાની સાથે પણ આવું જ કંઈક થયું છે. સુંદર હોવાના કારણે તેને ઘણું નુકસાન થયું છે. ન તો કોઈ તેની સાથે વાત કરી રહ્યુ છે અને ન તો કોઈ તેને પોતાની મિત્ર બનાવી રહ્યું છે. તેમજ, કોઈ ખાસ પ્રસંગ કે સમારોહમાં તેને બોલાવવામાં પણ નથી આવતી.

ઈંગ્લેન્ડના બેસિનસ્ટોકની રહેવાસી ફ્રેન સેવયર નામની મહિલાની સાથે બાળપણથી જ આવી તકલીફ થઈ રહી છે અને કોઈ તેને પોતાની મિત્ર નથી બનાવી રહ્યું. જ્યારે કોઈ મિત્રના લગ્ન થાય છે, તો તેમાં પણ કોઈ તેને ઈનવાઇટ નથી કરતું. ત્યાં સુધી કે હવે પોતાના બાળકોને મુકવા જો સ્કૂલ જાય છે તો, ગ્લેમરસ દેખાવાના કારણે લોકો તેને નાપસંદ કરે છે. ફ્રેન સેવયરે જણાવ્યું કે મહિલાઓ હંમેશા તેને જજ કરતી રહે છે. તેણી દેખાવામાં સુંદર છે એવામાં લોકો તેની સુંદરતાની અદેખાઈ કરે છે. જેને આત્મવિશ્વાસ હોય છે, તે તેની ચિંતા નથી કરતાં, પરંતુ જ્યારે તેઓ ઈનસિક્યોર અનુભવે છે તો તેઓને જલન થાય છે. પોતાની તરફથી ફ્રેન લોકો સાથે દોસ્તી પણ કરે છે પરંતુ તે લોકો જ મિત્રતા કરવા નથી માંગતા. ખાસ કરીને મહિલાઓ તેની સાથે બોન્ડ નથી બનાવતી. ઘણીવાર તેના હોવાના કારણે મહિલાઓ ગુસ્સે થઈ જાય છે.



ફ્રેનના ઈન્સ્ટાગ્રામ પર 1 લાખથી વધારે ફોલોઅર્સ છે પરંતુ રસપ્રદ વાત એ છે કે તે એક ખાસ બહેનપણી માટે તરસી રહી છે. તેનું કહેવું છે કે, ફક્ત છોકરીઓના મામલામાં જ નહીં છોકરાઓ અને પ્રેમના મામલે પણ તે લકી નથી. તેને આમતો સેંકડો પ્રપોઝલ આવે છે પરંતુ, સાચો પ્રેમ નથી મળી શકતો. લોકો તેને ઈન્સ્ટાગ્રામ પર બોલ્ડ સ્ટોરીઝ નાંખવાના કારણે ટ્રોલ પણ કરે છે કારણકે તેની ઉંમર 50 વર્ષ છે. પરંતુ, ફ્રેનનું કહેવું છે કે તેનાથી તેને કોઈ જ ફરક પડતો નથી.